સ્થાપના ૧૯૭૧

સેવા.... સહકાર.... શ્રધ્ધા.... સમૃધ્ધિ....

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી., ખંભાત


રજી. ઓફીસ "સ્તંભતીર્થ" વાડાપોળ, ખંભાત - ૩૮૮૬૨૦

ફોન : ૨૨૧૩૨૮ (વહીવટી વિભાગ) ૨૨૦૪૯૫ (હિસાબી વિભાગ) ફેકસ : (૦૨૬૯૮) ૨૨૬૯૩૨

E-mail : knsbl1971@gmail.com

GST No. : 24AAAAT2886Q1ZU


રજી. નં. નધણ ૨૦૩/સે ૪૩૪૦ તા.૦૯-૦૮-૧૯૭૧

રીઝર્વ બેંક લા.નં. UBDGJ. 728 P તા. ૧૦-૧૨-૧૯૮૬

BSR CODE : 08657201

IFSCCODE : GSCB0UKNSBL

MICR CODE : 388805091

## (૪૭)

DICGC Bank Code : 42934 [ Sept-1979]

ઓડિટ વર્ગ - 'અ' ★ ૦% એન. પી. એ.

# વાર્ષિક અહેવાલ અને હિસાબ

## ૨૦૧૭-૨૦૧૮

### વ્યવસ્થાપક - કમીટી

શ્રી ખુશમનભાઈ શાંતિલાલ પટેલ
: ચેરમેન :

શ્રી નીતીનકુમાર રૂઘનાથજી બ્રહ્મભટ્ટ
: વાઈસ ચેરમેન :

શ્રી અનિલભાઈ નવિનચંદ્ર શાહ
: મેનેજીંગ ડીરેકટર :

શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા
: જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર :

### સભ્યો

- શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
- શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ
- શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
- શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
- શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
- શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
- શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
- શ્રી ગીરધરલાલ વેલસીભાઈ બેલાણી
- શ્રી દીનેશચંદ્ર કાંતીલાલ પટેલ
- શ્રી પ્રીતીનભાઈ ચંપકલાલ સુતરીયા
- શ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર
- શ્રી પ્રકાશભાઈ એમ. શાહ - પ્રોફે.ડિરેકટર

મેનેજર. શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લિ., ખંભાત

## સને : ૨૦૧૭-૨૦૧૮ નો

## વાર્ષિક અહેવાલ અને હિસાબ

સુજ્ઞ સહકારી,
માનવંતા સભાસદ ભાઈઓ તથા બહેનો,

ખંભાત શહેરમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતી આપણી બેંકની **૪૭મી** આજની વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વે સભાસદોનું સ્વાગત કરતાં હર્ષ અને ગૌરવની લાગણી અનુભવું છું.

સને - ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષનું અન્વેષણ થયેલું સરવૈયું તેમજ નફા-નુકશાન હિસાબી પત્રકો અને બેંકના કામકાજની પ્રવૃત્તિઓની માહિતી વિગેરે બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે માન્ય રાખ્યા છે તે આપની સમક્ષ મૂકતાં અત્યંત હર્ષ અને આનંદ અનુભવુ છું.

સને - ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ આખરે બેંકે **રૂા. ૩,૩૯,૬૫,૬૬૭-૮૩** પૈસાનો કાચો નફો કરેલ છે તેમાંથી થાપણો ઉપરનું વ્યાજ, બેંકનો વહીવટી-ખર્ચ, મિલકતો પરનો ઘસારો તથા ઈન્કમટેક્ષ મળીને કુલ્લે **રૂા. ૨,૮૨,૯૮,૭૧૬-૮૩** પૈસા ખર્ચ બાદ જતાં ગ્રોસ નફો **રૂા.૫૬,૬૬,૯૫૧** કરેલ છે. તેમાંથી **રૂા. ૬,૭૫,૦૦૦** B.D.D.R. U/S 36 (I) VII વ મુજબ તથા **રૂા.૨૦,૦૦,૦૦૦** મહોત્સવ ફંડ ખાતેની જોગવાઇઓ બાદ કરતા ચોખ્ખો નફો **રૂા.૨૯,૯૧,૯૫૧** રહે છે. જે બેંકની સદ્ધરતા દર્શાવે છે. ચોખ્ખા નફાની ફાળવણી બેંકના પેટા-નિયમની રૂએ નીચે જણાવ્યા મુજબ કરેલ છે.

## નફાની ફાળવણી

### પેટા - નિયમ - ૬૧ (એ) મુજબ ફાળવણી

| | | | | |
|---|---|---|---|---|
| અનામત ભંડોળ | ૨૫% પ્રમાણે | રૂા. | ૭,૪૭,૯૮૮-૦૦ | પૈસા |
| ડૂબત ફંડ | ૧૫% પ્રમાણે | રૂા. | ૪,૪૮,૭૯૩-૦૦ | પૈસા |
| સભાસદ ડીવીડન્ડ | (ભરાયેલ શેર ઉપર ૧૫% પ્રમાણે) | રૂા. | ૧૧,૧૫,૫૨૨-૦૦ | પૈસા |
| શિક્ષણ ફંડ | ૨½% પ્રમાણે | રૂા. | ૭૪,૭૯૯-૦૦ | પૈસા |
| ધર્માદા ફંડ | ૧% પ્રમાણે | રૂા. | ૨૯,૯૨૦-૦૦ | પૈસા |
| | | રૂા. | ૨૪,૧૭,૦૨૨-૦૦ | પૈસા |

### પેટા - નિયમ - ૬૧ (બી) મુજબ ફાળવણી

| | | | | |
|---|---|---|---|---|
| બિલ્ડીંગ ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૨૮,૭૪૬-૦૦ | પૈસા |
| ડીવીડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૨૮,૭૪૬-૦૦ | પૈસા |
| સહકાર પ્રચાર ફંડ | ૨% પ્રમાણે | રૂા. | ૧૧,૪૯૯-૦૦ | પૈસા |
| મહોત્સવ ફંડ | ૫૦% પ્રમાણે | રૂા. | ૨,૮૭,૪૬૫-૦૦ | પૈસા |
| સામાજિક વિકાસ ફંડ | ૩૦% પ્રમાણે | રૂા. | ૧,૭૨,૪૭૯-૦૦ | પૈસા |
| સ્ટાફ વેલ્ફેર ફંડ | ૩% પ્રમાણે | રૂા. | ૧૭,૨૪૮-૦૦ | પૈસા |
| ઇન્વેસ્ટમેન્ટ ફ્લકચ્યુએશન ફંડ | ૫% પ્રમાણે | રૂા. | ૨૮,૭૪૬-૦૦ | પૈસા |
| | કુલ | રૂા. | ૫,૭૪,૯૨૯-૦૦ | પૈસા |
| | કુલ ટોટલ | રૂા. | ૨૯,૯૧,૯૫૧-૦૦ | પૈસા |

આમ, ઉપરોક્ત કરેલ ચોખ્ખા નફાની ફાળવણી મંજૂર રાખવા સંચાલક મંડળ વતી આપ સૌને ભલામણ કરું છું.

**શેર ભંડોળ અને ડીવીડન્ડ :** વર્ષાન્તે ૧૪૨૭૯ સભાસદો પાસેથી **રૂા. ૭૫,૧૦,૯૫૦/-** શેરભંડોળ એકત્ર કરેલ છે.

ચાલુ વર્ષે સભાસદોને સહકારી કાયદાનુસાર આપી શકાય તેટલું **મહત્તમ ૧૫%** પ્રમાણે ડીવીડન્ડ વહેંચવા સંચાલક મંડળ વતી હું ભલામણ કરું છું જેને આપ સૌ મંજૂર રાખશો તેવી આશા રાખું છું.

**થાપણો :–** ખંભાત શહેરની ગૌરવ સમી આપણી બેંકના વિકાસમાં થાપણોનો ફાળો અગત્યનો છે. થાપણદારોના અપ્રતિમ વિશ્વાસ અને સહકારને કારણે જ તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજ વર્ષાન્તે થાપણો **રૂા. ૨૬,૬૮,૫૫,૬૪૩-૬૪** પૈસા થયેલ છે જે પ્રશંસનીય તેમજ પ્રેરણાદાયી છે. આપણી બેંક **"ડીપોઝીટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન"**માં નિયમિત પ્રીમીયમ ભરે છે અને **સપ્ટેમ્બર-૨૦૧૮** સુધીનું પ્રીમીયમ પણ એડવાન્સ ભરેલ છે જેના પરિણામે ડિપોઝીટ ઈન્શ્યોરન્સ સ્કીમ હેઠળ **રૂા.૧,૦૦,૦૦૦/-** સુધીની વ્યક્તિગત થાપણો સુરક્ષિત છે.

**ધિરાણ :–** બેંકના સભાસદોએ આપણી બેંકમાંથી ધીરાણ મેળવવાનો આગ્રહ રાખવો જોઈએ. આપણી બેંક સભાસદોને તેઓના ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારનું ધિરાણ આપવા હરહંમેશ પ્રયત્નશીલ રહી છે. બેંકનો અભિગમ નાનામાં નાના માણસને ધિરાણ આપી તેમના આર્થિક વિકાસમાં સહયોગ કરવાનો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આપેલ માર્ગદર્શક સૂચનાઓની મર્યાદામાં રહીને બેંકના સભાસદોની ધિરાણ માટેની વિવિધ માંગણીઓ સંતોષવા બેંકનું સંચાલક મંડળ હરહંમેશ પ્રયત્નશીલ રહે છે. તદ્ઉપરાંત સભાસદોને N.S.C., K.V.P. અને સોનાના દાગીના સામે ત્વરિત ધિરાણ ફક્ત **૧૦.૫૦%*** ના વાર્ષિક વ્યાજદરે કરવામાં આવે છે. કાર લોન ફક્ત ૮.૫૦% વાર્ષિક દરે શરતોને આધિન

સંચાલક મંડળના સભ્યો તથા કર્મચારીઓ દ્વારા મુદત વીતી બાકીદારો સાથે સંપર્ક કેળવી નાણાં વસૂલ કરવા સંનિષ્ઠ પ્રયત્નો કરેલ છે. પરિણામ સ્વરૂપે ગત વર્ષ કરતાં મુદતવીતી બાકી ઓછી રહેવા પામેલ છે. સૌ કર્જદાર પોતાના ધિરાણ બાબતે નિયમિત બની પોતાની અને બેંકની પ્રગતિમાં અન્યોન્ય સહકાર આપે તે ખૂબ જ જરૂરી છે. કરજ લેનાર તથા જામીનો બેંકના લેણાં માટે એકામતે એકાજૂથે જવાબદાર છે. બેંકની પ્રગતિમાં ધિરાણ વસૂલાતનું માળખું નિરોગી રહે તે જોવાની દરેક સભાસદની જવાબદારી તથા નૈતિક ફરજ છે.

**વિશેષ :–** જનસેવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા બેંકના **ધર્માદાફંડ** માંથી **રૂા.૨૫,૦૦૭/-** તથા **સામાજિક વિકાસફંડ** માંથી ગુજરી ગયેલ સભાસદોના વારસદારોને **રૂા. ૩,૨૧,૦૦૦/-** ની આર્થિક સહાય કરેલ છે.

POS મશીન : આધુનીક યુગમાં બદલાતી ટેકનોલોજી સાથે કદમ મિલાવવા રોકડ વ્યવહારોને બદલે ડીઝીટલ વહેવારોનું પ્રમાણ વધતું જતું હોવાથી તેને ધ્યાનમાં લઇને આપની બેંકે પોતાના ખાતેદાર વેપારી મિત્રોને પોઇન્ટ ઓફ સેલ મશીન (POS મશીન) નજીવા ભાડાના દરે મળી રહે તેવી વ્યવસ્થા કરેલ છે.

P2F ક્લીયરીંગ હાઉસ :- સભાસદોને જણાવતા આનંદ થાય છે કે N.P.C.I. દ્વારા P2F ક્લીયરીંગ માટે ખંભાત ખાતે આપણી બેંકને પસંદ કરી છે. જેથી તમામ રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો તેમજ ખાનગી બેંકોના P2F ચેકોનું ક્લીયરીંગ કરવા માટે આપણી બેંકમાં આવે છે. જે આપણી બેંક માટે ગૌરવની વાત છે.

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી તા. ૩૧-૦૩-૧૬ સુધીના બેંકના કામકાજનું ઈન્સ્પેકશન કરવામાં આવેલ છે તેમાં તેઓએ બેંકની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કરેલ છે.

બેકીંગ પદ્ધતિની સંગીનતા અને સ્થિરતાને સુદ્દઢ કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ શહેરી સહકારી બેંકો માટે નક્કી કરેલ માપદંડની પૂર્ણતા કરેલ છે જે આપણી બેંકનું ગૌરવ છે.

આપણી બેંકે **"ધી ગુજરાત સ્ટેટ કો.ઓ.બેંક લી."** અમદાવાદ સાથે સંયોજન કરી ડિસે-૨૦૧૪ થી RTGS, NEFT ની સેવાઓ 'વિના મૂલ્યે' શરૂ કરેલ છે. માર્ચ-૨૦૧૮ સુધીમાં ઘણા વેપારીઓએ અને ગ્રાહકમિત્રોએ RTGS, NEFT ટ્રાન્જેક્શનનો લાભ લીધેલ છે.

આપ સહુ જાણો છો કે દરેક બેંકોમાં N.P.A. એ ખૂજ મોટો પ્રશ્ન છે. ત્યારે મને જણાવતા ખૂબ આનંદ થાય છે કે બોર્ડના સભ્યોની સાવચેતી ભર્યા ધિરાણો કરવાની તથા સ્ટાફમીત્રોની બોરોઅર્સ ના ખાતામાં સતત દેખરેખ રાખવાથી બેંકનું ગ્રોસ N.P.A. વર્ષ ૨૦૧૭માં ૨૯.૩૩ લાખ થી વર્ષ ૨૦૧૮માં ઘટીને ૨૫.૦૫ થતા ૪.૨૮ લાખ N.P.A. ઘટેલ છે. પરીણામ સ્વરૂપે ગત વર્ષ કરતા મુદત વીતી બાકી ઓછી રહેવા પામેલ છે.

બેંકની વ્યવસ્થાપક-કમીટીની મીટીંગ તા. ૨૬-૦૭-૨૦૧૮ના ઠરાવ મુજબ બેંકે જ્યારે જ્યારે રજતમુદ્રા વહેંચેલ **"સભાસદ-ભેટ"** જે સભાસદો લઈ ગયેલ નથી તેવા સભાસદોએ પોતાની બાકી **"સભાસદ-ભેટ"** તા. ૩૧-૧૦-૨૦૨૧ સુધીમાં મેળવી લેવાની રહેશે ત્યાર બાદ **"સભાસદ-ભેટ"** મેળવવા હક્કદાર રહેશે નહીં / મળશે નહીં જેની દરેક સભાસદોએ નોંધ લેવી.

**આભારદર્શન :–** આપણી બેંકની ૪૭ વર્ષની વિકસીત કામગીરીમાં જેનો સાથ અને સહકાર મળી રહ્યો છે તે સર્વ સભાસદો, થાપણદારો, ખાતેદારો, ગ્રાહકો, શહેરીજનો અને શુભેચ્છકોનો હું પ્રથમ હાર્દિક આભાર માનું છું. મારા સાથી સૌ કમિટી સભ્યોનું વિશિષ્ટ અને કિંમતી યોગદાન રહ્યું છે તે બદલ તેઓનો હું હ્રદયપૂર્વક આભાર માનું છું. વર્ષ દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીશ્રીઓ, મે. જિલ્લા રજિસ્ટ્રારશ્રી તેમજ તેઓનું કર્મચારીગણ, ગુજરાત અર્બન બેંક્સ ફેડરેશન, ધી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. તથા સ્થાનિક - રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ વિગેરે તરફથી પણ બેંકને ઉપયોગી માર્ગદર્શન મળ્યા છે તે સૌનો હુ આભાર માનું છું.

બેંકના વાઈસ-ચેરમેનશ્રી નીતીનભાઈ બ્રહ્મભટ્ટ, મેનેજીંગ ડિરેક્ટરશ્રી અનિલભાઈ શાહ, જોઈન્ટ મેનેજીંગ ડિરેક્ટરશ્રી મહેશભાઈ દાળીઆ તથા મારા અન્ય સાથી સભ્યોએ બેંકની સંગીન સમૃદ્ધિમાં ઉત્સાહપૂર્વક ઉંડો રસ લઈ બેંક માટે પોતાનો કિંમતી સમય ફાળવી બેંકની કાર્યવાહીમાં નિષ્ઠાપૂર્વક અભિનંદનીય ભાવના બતાવી છે. આ તબક્કે તેઓશ્રીનો આભાર માનું છું. બેંકના રીટાયર્ડ જનરલ મેનેજર, ચીફ અકાઉન્ટન્ટ તથા રીટાયર્ડ કર્મચારીઓના જરૂરી માર્ગદર્શન સાથ સહકાર મળેલ છે તેઓનો પણ હું આભાર માનું છું તેમજ બેંકના મેનેજરશ્રી તથા ઉત્સાહી કર્મચારીઓ કે જેમણે બેંકના વિકાસ અને પ્રગતિ માટે નિષ્ઠા અને વિનયપૂર્વક ઉમદા કામગીરી બજાવી છે તે બદલ સૌને હું ધન્યવાદ આપું છું.

આવનાર વર્ષોમાં બેંકની પ્રગતિ અને વિકાસ માટે આપ સૌનો સાથ સહકાર મળશે અને આપણી બેંકની સિદ્ધિ, પ્રસિદ્ધિ તેમજ સમૃદ્ધિમાં સહભાગી સૌનો ફરીથી અંતઃકરણપૂર્વક આભાર માની વિરમું છું....

જય સહકાર....  જયહિંદ....  આભાર....

આપનો સહકારી

**S/d- ખુશમનભાઈ શાંતીલાલ પટેલ – ચેરમેન**

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૧૮ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૭ રૂા. પૈ. | ભંડોળ તથા દેવું | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂા. પૈ. |
|---|---|---|---|
| ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ | (૧) શેર ભંડોળ : | | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| | (અ) મિલકત શેર થાપણ | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ | |
| | શેર નંગ - ૨,૦૦,૦૦૦ | | |
| | દરેક રૂા. ૫૦-૦૦ નો | | |
| | (બ) ભરાયેલા અને વસૂલ | | |
| | આવેલ શેર થાપણ | | |
| | ૧,૫૦,૨૧૯ | | |
| | શેર દરેક રૂા.૫૦-૦૦નો | | |
| ૭૪,૬૦,૭૦૦-૦૦ | (૧) વ્યક્તિઓને | ૭૫,૧૦,૯૫૦-૦૦ | |
| — | (૨) સહકારી સંસ્થાઓને | — | |
| — | (૩) રાજ્ય સરકારશ્રીના | — | ૭૫,૧૦,૯૫૦-૦૦ |
| | (૨) રીઝર્વ તથા અન્ય ફંડો : | | |
| ૫,૩૨,૫૭,૪૧૭-૬૨ | (૧) રીઝર્વ ફંડ | ૫,૪૧,૦૬,૨૬૭-૬૨ | |
| ૬૯,૪૯,૮૬૮-૪૧ | (૨) બીલ્ડીંગ ફંડ | ૬૯,૬૪,૮૫૫-૪૧ | |
| ૧,૮૫,૦૪,૨૬૫-૭૧ | (૩) ડૂબત લેણાં ફંડ | ૧,૯૩,૫૯,૨૧૨-૭૧ | |
| ૨૧,૭૯,૨૭૫-૫૦ | (૪) ડીવીડન્ડ ઈકવી. ફંડ | ૨૨,૨૪,૨૬૨-૫૦ | |
| ૧૧,૨૭,૬૧૪-૬૬ | (૫) ધર્માદા ફંડ | ૧૧,૩૦,૬૬૩-૬૬ | |
| ૭,૬૩,૫૪૬-૨૩ | (૬) સહકાર પ્રચાર ફંડ | ૭,૮૧,૫૪૧-૨૩ | |
| ૧૬,૮૩,૪૦૭-૩૦ | (૭) મહોત્સવ ફંડ | ૩૯,૯૮,૩૧૪-૩૦ | |
| ૧૨,૩૪,૯૫૮-૩૧ | (૮) સામાજીક વિકાસ ફંડ | ૧૧,૮૩,૮૭૯-૩૧ | |
| ૪,૯૫,૭૭૧-૪૭ | (૯) સ્ટાફ વેલફેર ફંડ | ૩,૯૫,૨૫૬-૪૭ | |
| ૩,૦૦,૦૦૦-૦૦ | (૧૦) સ્ટાન્ડર્ડ એસેટ્સ પ્રોવીઝન | ૩,૦૦,૦૦૦-૦૦ | |
| ૨૭,૮૨,૭૪૬-૦૦ | (૧૧) રોકાણો ઉપર ઘસારા ફંડ | ૨૭,૮૨,૭૪૬-૦૦ | ૯,૩૨,૫૬,૯૯૯-૨૧ |
| — | (૩) પ્રિન્સીપાલ સબસીડીયર | | — |
| | સ્ટેટ પાર્ટનરશીપ | | |
| | (૪) થાપણો અને અન્ય ખાતાઓ | | |
| | (૧) બાંધી મુદ્દત થાપણો : | | |
| ૯,૩૭,૨૧,૮૩૦-૦૦ | (૧) વ્યક્તિઓ | ૯,૨૭,૬૫,૬૨૭-૦૦ | |
| — | (૨) મધ્યસ્થ સહાકારી બેંકો | — | |
| ૬૮,૦૧,૦૪૬-૦૦ | (૩) અન્ય મંડળીઓ | ૭૨,૭૬,૮૦૩-૦૦ | |
| ૨,૭૪,૯૦૦-૦૦ | (૨) રીકરીંગ થાપણો : | ૩,૦૦,૬૦૦-૦૦ | |
| | (૩) સેવીંગ્સ બેંક ડીપોઝીટ | | |
| ૧૪,૮૦,૪૦,૬૦૦-૦૭ | (૧) વ્યક્તિઓ | ૧૪,૦૨,૧૭,૪૦૩-૯૦ | |
| — | (૨) મધ્યસ્થ સહકારી બેંકો | — | |
| ૭૨,૫૧,૬૭૨-૯૭ | (૩) અન્ય મંડળીઓ | ૪૬,૯૬,૨૨૬-૯૧ | |
| | (૪) ચાલુ થાપણો અને | | |
| | મચ્યોર્ડ બાંધી મુદ્દત થાપણો | | |
| ૧,૫૯,૦૯,૯૯૨-૫૩ | (૧) વ્યક્તિઓ | ૧,૫૯,૧૩,૦૪૫-૭૫ | |
| ——— | (૨) મધ્યસ્થ સહકારી બેંકો | ——— | |
| ૨૪,૫૩,૮૪૭-૩૬ | (૩) અન્ય મંડળીઓ | ૬,૦૫,૩૩૬-૮૪ | |
| ૩૭,૧૧,૯૩,૪૬૦-૧૪ | સરવાળો આગળ લઈ ગયા.... | ૨૬,૧૭,૭૫,૦૪૩-૪૦ | ૧૦,૦૭,૬૭,૯૪૯-૨૧ |

# સહકારી બેંક લી., ખંભાત.
## રોજનું પાકું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૭ રૂા. પૈ. | મિલ્કત તથા લ્હેણું | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂા. પૈ. |
|---|---|---|---|
| | (૧) રોકડ સિલક | | |
| ૬૮,૦૧,૮૦૫-૦૧ | (૧) હાથ ઉપર સિલક | ૬૧,૭૦,૬૨૯-૮૭ | |
| —— | (૨) રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયામાં | —— | |
| ૧૫,૭૦,૭૬૭-૫૧ | (૩) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં | ૨,૭૩,૭૪૨-૬૦ | |
| ૪,૫૩,૭૭૩-૪૧ | (૪) સ્ટેટ કો. ઓપ. બેંકમાં | ૫૫,૫૮,૪૭૭-૬૯ | |
| ૫,૪૪,૫૧૬-૫૯ | (૫) સેન્ટ્રલ કો. ઓપ. બેંકમાં | ૨૪,૦૦,૭૫૯-૬૯ | |
| ૪૪,૬૯,૨૨૧-૦૦ | (૬) રાષ્ટ્રીયકૃત બેંકમાં | ૯૫,૦૦૦-૦૦ | ૧,૪૪,૯૮,૬૦૯-૮૫ |
| | (૨) અન્ય બેંકમાં સિલક | | |
| ૬૫,૩૦,૦૨૪-૫૧ | (૧) ચાલુ થાપણો આઈ.સી.આઈ.સી.આઈ.બેંક | ૯૧,૦૫,૬૨૦-૮૬ | |
| ૩૪,૮૦૦-૫૧ | (૨) ચાલુ થાપણો એચ.ડી.એફ.સી.બેંક | ૨૫,૦૦૦-૦૦ | |
| ૩,૮૦,૩૧,૧૬૪-૦૦ | (૩) બાંધી મુદ્દત થાપણો (એપેન્ડીક્ષ-એ મુજબ) | ૪,૦૦,૦૦,૦૦૦-૦૦ | ૪,૯૧,૩૦,૬૨૦-૮૬ |
| —— | (૩) ટુંકી મુદ્દત અને કૉલ ડીપોઝીટ : | | —— |
| | (૪) રોકાણો : | | |
| ૨૬,૩૧,૪૭,૪૪૫-૦૦ | (૧) રાજય/કેન્દ્ર સરકારની જામીનગીરીઓ | ૨૫,૦૬,૪૪,૧૯૫-૦૦ | |
| ૧૨,૧૦૦-૦૦ | (૨) ધી ખેડા જિલ્લા બેંકના શેરો | ૧૨,૧૦૦-૦૦ | |
| ૫,૦૦૦-૦૦ | (૩) ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ બેંકના શેરો | ૫,૦૦૦-૦૦ | ૨૫,૦૬,૬૧,૨૯૫-૦૦ |
| —— | (૫) પ્રિન્સીપલ સબસીડીયરી સ્ટેટ પાર્ટનરશીપ ફંડ પૈકી | | —— |
| | (૬) ધિરાણ : | | |
| ૨,૨૭,૫૬,૦૧૪-૪૩ | (૧) ટૂંકી મુદ્દતનું ધિરાણ જે પૈકી મુદ્દત વીતી રકમ રૂા. ૧૫,૦૯,૬૬૭-૭૯ પૈ. | ૨,૨૩,૦૫,૦૧૪-૨૬ | |
| ૨,૭૦,૯૬,૬૪૫-૧૫ | (૨) મધ્યમ મુદ્દતનું ધિરાણ જે પૈકી મુદ્દત વીતી રકમ રૂા. ૬,૨૧,૮૩૭-૧૪ પૈ. | ૨,૯૮,૫૮,૩૪૦-૭૩ | |
| ૧૭,૬૮,૮૨૩-૦૦ | (૩) લાંબી મુદ્દતનું ધિરાણ જે પૈકી મુદ્દત વીતી રકમ રૂા. ૦-૦૦ પૈ. | ૨૯,૫૮,૧૮૧-૦૦ | ૫,૫૧,૨૧,૫૩૫-૯૯ |
| ૮૫,૬૬,૮૮૨-૦૦ | (૭) મળવાપાત્ર વ્યાજ : (રોકાણો પર) | | ૬૦,૭૨,૫૭૬-૦૦ |
| —— | (૮) મળવાપાત્ર વ્યાજ : (ઓવર ડ્યુ) | | ૧,૮૨,૬૦,૭૩૯-૦૦ |
| ૩૮,૧૭,૮૮,૯૮૨-૧૨ | સરવાળો આગળ લઈ ગયા.... | —— | ૩૯,૩૭,૪૫,૩૭૬-૭૦ |

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૧૮ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૭ રૂા. પૈ. | ભંડોળ તથા દેવુ | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂા. પૈ. |
|---|---|---|---|
| ૩૭,૧૧,૯૩,૪૬૦-૧૪ | સરવાળો આગળથી લાવ્યા.... | ૨૬,૧૭,૭૫,૦૪૩-૪૦ | ૧૦,૦૭,૬૭,૯૪૯-૨૧ |
| — | (૫) કોલ અને ટુંકી મુદતો : | | — |
| | (૬) અન્ય થાપણા : | | |
| ૩૪,૭૦,૧૯૪-૩૬ | (૧) ધીરાણ ખાતાઓની જમા રકમો | ૫૦,૮૦,૬૦૦-૨૪ | ૨૬,૬૮,૫૫,૬૪૩-૬૪ |
| — | (૫) કરજ : - | | — |
| ૫૨,૦૩૯-૭૫ | (૬) બીલ્સ સેન્ટ ફોર કલેકશન : | | ૧૦,૫૪૨-૭૫ |
| — | (૭) શાખાના હવાલા | | — |
| ૩,૧૦,૦૦૦-૦૦ | (૮) ઓવરડયુ વ્યાજ રીઝર્વ | | ૩,૧૦,૦૦૦-૦૦ |
| — | (૯) ઓવર ડ્યુ વ્યાજ રીઝર્વ - લોન અને એડવાન્સ | | ૧,૮૨,૬૦,૭૩૯-૦૦ |
| ૩૯,૭૮,૬૧૮-૦૨ | (૧૦) ચુકવવા પાત્ર વ્યાજ | | ૪૨,૩૯,૮૩૦-૮૭ |
| | (૧૧) અન્ય જવાબદારીઓ : | | |
| ૭,૧૮,૧૬૮-૫૦ | (૧) ડીવીડન્ડ પેએબલ | ૭,૭૩,૩૨૦-૫૦ | |
| ૧૫,૩૮,૧૬૪-૨૦ | (૨) પરચુરણ દેવા | ૧૫,૮૭,૨૦૭-૨૦ | |
| ૬,૯૦૨-૦૦ | (૩) શેર અરજી અનામત | — | |
| ૩,૧૮,૭૧,૦૦૦-૦૦ | (૪) સ્ટાફ પ્રોવીડન્ડ ફંડ થાપણ | ૨,૯૪,૦૩,૧૦૦-૦૦ | |
| ૩૮,૬૯,૧૯૯-૦૦ | (૫) સ્ટાફ લીવ પ્રોવીઝન : | ૩૫,૪૪,૬૭૦-૦૦ | |
| ૩૩,૬૭૦-૦૦ | (૬) ટીડીએસ ઓન એફડીઆર | ૩૯,૨૧૬-૦૦ | |
| — | (૭) જીએસટી | ૧૭,૩૨૫-૯૬ | |
| ૫૧,૪૫,૭૨૬-૯૧ | (૮) ડીઈએએફ-૨૦૧૪ | ૫૩,૧૮,૧૦૬-૪૧ | |
| | (RBI ની સ્કીમ મુજબ અનઓપરેટ ખાતાના | | |
| | રકમ ટ્રાન્સફર) | | ૪,૦૬,૮૨,૯૪૬-૦૭ |
| | (૧૨) નફો-તોટા ખાતે : | | |
| — | ગયા વર્ષની બાકી | ૨૮,૦૫,૫૫૧-૦૦ | |
| | બાદ : વહેંચણી | ૨૮,૦૫,૫૫૧-૦૦ | |
| ૨૮,૦૫,૫૫૧-૦૦ | ચાલુ વર્ષના નફા / નુકશાન ખાતેથી લાવ્યા | | ૨૯,૯૧,૯૫૧-૦૦ |
| | (૧૩) આપેલી બાંહેધરી પેટે | | — |
| | લીધેલ જવાબદારીઓ રૂા. ૦,૦૦/- | | |
| ૪૨,૪૯,૯૨,૬૯૩-૮૮ | સરવાળો | — | ૪૩,૪૧,૧૯,૬૦૨-૫૪ |

| શ્રી ખુશમનભાઈ શાંતિલાલ પટેલ | શ્રી અનિલભાઈ નવિનચંદ્રભાઈ શાહ | શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ |
|---|---|---|
| : ચેરમેન : | : મેનેજીંગ ડીરેક્ટર : | : મેનેજર : |
| શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ | શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા | શ્રી ભરત એન. રાવલ |
| : વાઈસ ચેરમેન : | : જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર : | : એકાઉન્ટન્ટ : |

## વ્યવસ્થાપક - કમીટી સભ્યો

શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
શ્રી ગીરધરલાલ વેલસીભાઈ બેલાણી

શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ પટેલ
શ્રી પ્રિતીનભાઈ ચંપકલાલ સુતરીયા
શ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર
શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
શ્રી પ્રકાશભાઈ એમ. શાહ (પ્રોફે. ડિરેક્ટર)

# સહકારી બેંક લી., ખંભાત.

## રોજનું પાકું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૭ રૂા. પૈ. | મિલ્કત તથા લ્હેણું | રૂા. પૈ. | તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂા. પૈ. |
|---|---|---|---|
| ૩૮,૧૭,૮૮,૯૮૨-૧૨ | સરવાળો આગળથી લાવ્યા.... | —— | ૩૯,૩૭,૪૫,૩૭૬-૭૦ |
| ૫૨,૦૩૯-૭૫ | (૯) બીલ્સ રીસીવેબલ | —— | ૧૦,૫૪૨-૭૫ |
| —— | (૧૦) શાખાના હવાલા | —— | —— |
| ૬,૭૦,૮૪૮-૦૦ | (૧૧) મકાન ખાતે | —— | ૬,૩૭,૩૦૫-૦૦ |
| ૪,૩૫,૯૧૩-૦૦ | (૧૨) ફર્નીચર ફીક્ષ્ચર્સ | —— | ૪,૦૮,૪૧૭-૦૦ |
| ૪,૮૭,૪૯૫-૦૦ | (૧૩) સેઈફ ડીપોઝીટ લોકર્સ | —— | ૪,૩૮,૭૪૫-૦૦ |
| ૨,૦૩,૦૦૫-૦૦ | (૧૪) કોમ્પ્યુટર | —— | ૧,૮૯,૬૧૩-૦૦ |
| ૬૩,૫૬૩-૦૦ | (૧૫) ઈલેક્ટ્રીક ફીટીંગ્સ | —— | ૫૭,૨૦૭-૦૦ |
| | (૧૬) અન્ય અસ્કયામતો : | | |
| ૧,૦૦૦-૦૦ | (૧) પ્રોવીડન્ટ ફંડ સ્પે. સેવીંગ એકાઉન્ટ | ૬૦૦-૦૦ | |
| ૩,૧૮,૭૦,૦૦૦-૦૦ | (૨) સ્ટાફ પ્રોવીડંડ ફંડ (એફડીઆર) | ૨,૯૪,૦૨,૫૦૦-૦૦ | |
| ૩૮,૬૯,૧૯૯-૦૦ | (૩) સ્ટાફ લીવ પ્રોવિઝન (એફડીઆર) | ૩૫,૪૪,૬૭૦-૦૦ | |
| ૬,૩૦૦-૦૦ | (૪) સ્પેશીયલ અધેસીવ સ્ટેમ્પસ | ૩,૮૦૦-૦૦ | |
| ૫,૬૪૦-૦૦ | (૫) ટેલીફોન ડીપોઝીટ : | ૫,૬૪૦-૦૦ | |
| ૧,૧૫,૦૦૦-૦૦ | (૬) ઈન્કમ ટેક્ષ (એડવાન્સ) ફા. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ | —— | |
| ૧૬,૪૪૧-૦૦ | (૭) એડવાન્સ ઈન્કમટેક્ષ | —— | |
| —— | (૮) સર્વિસ ટેક્ષ | ૧૮,૧૫૫-૪૭ | |
| —— | (૯) અનપેઇડ ક્લેઇમ ફોર્મ - (ડીઈએફ) | ૨,૮૨,૨૨૬-૧૨ | |
| —— | (૧૦) ડી.ઈ.એ.એ.ફ. ઇન્ટ પેઇડ ફોર્મ ક્લેઇમ | ૫,૪૭૬-૦૦ | |
| —— | (૧૧) જીએસટી (ઇન્પુટ) | ૪૦,૫૫૫-૦૯ | |
| —— | (૧૨) સીકેવાયસી (વોલેટ) | ૧૦,૦૦૦-૦૦ | |
| —— | (૧૩) મેળવેલ ટીડીએસ | ૬૬૭-૦૦ | |
| ૫૪,૦૭,૨૬૮-૦૧ | (૧૪) ડીઈએફ-૨૦૧૪ (રીસીએબલ) (RBI ની સ્કીમ મુજબ અન ઓપરેટ ખાતાની રકમ ટ્રાન્સફર) | ૫૩,૧૮,૧૦૬-૪૧ | ૩,૮૬,૩૨,૩૯૬-૦૯ |
| ૪૨,૪૯,૯૨,૬૯૩-૮૮ | સરવાળો | | ૪૩,૪૧,૧૯,૬૦૨-૫૪ |

### એપેન્ડીક્ષ - એ

મિલ્કત તથા લ્હેણું

(૨) અન્ય બેંકોમાં કરેલ રોકાણો

(૩) બાંધી મુદત થાપણો : કુલ રૂા. ૪,૦૦,૦૦,૦૦૦-૦૦

| અ. નં. | બેંકનું નામ | સ્થળ | રકમ રૂા. (તા.૩૧/૦૩/૧૭ ના રોજ) | રકમ રૂા. (તા.૩૧/૦૩/૧૮ ના રોજ) |
|---|---|---|---|---|
| ૧. | ધી ખેડા જિ.મ.સ. બેંક લી. | ખંભાત | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ |
| ૨. | ધી ગુજરાત સ્ટે કો.ઓ. બેંક લી. | અમદાવાદ | ૧,૦૦,૦૦,૦૦૦-૦૦ | ૫૦,૦૦,૦૦૦-૦૦ |
| ૩. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા | ખંભાત | ૯૦,૩૧,૧૬૪-૦૦ | ૧,૨૫,૦૦,૦૦૦-૦૦ |
| ૪. | યુકો બેંક | ખંભાત | ૯૦,૦૦,૦૦૦-૦૦ | ૧,૨૫,૦૦,૦૦૦-૦૦ |
| | | કુલ..... | ૩,૮૦,૩૧,૧૬૪-૦૦ | ૪,૦૦,૦૦,૦૦૦-૦૦ |

: ઓડિટર :

દિનેશભાઇ પી. રામાણી

Charted Accountants

પેનલ નં. ૭૯૫

મે. નં. ૦૪૦૪૮૧

સુરત

# ધી ખંભાત નાગરિક

## તા. ૩૧ માહે માર્ચ ૨૦૧૮ ના

| તા. ૩૧-૦૩-૨૦૧૭ રૂા. પૈ | ખર્ચ | | તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂા. પૈ |
|---|---|---|---|
| ૧,૧૦,૪૮,૧૧૧-૦૨ | (૧) થાપણો, કરજ વિગેરે વ્યાજ | | ૧,૧૬,૭૮,૬૦૪-૮૫ |
| ૧,૧૮,૫૮,૨૪૪-૭૦ | (૨) પગાર ભથ્થા તથા પ્રો. ફંડ | | ૧,૧૬,૧૩,૯૬૫-૧૫ |
| ——— | (૩) ડીરેક્ટરોની તથા સ્થાનિક કમીટીના સભ્યની ફી તથા ભાડા ભથ્થા | | ——— |
| ૬,૬૯,૪૯૭-૦૦ | (૪) ટેક્ષ, મકાન, કર વિમો વિજળી ખર્ચ | | ૬,૧૧,૦૫૮-૫૨ |
| ૪૨,૩૩૦-૦૦ | (૫) કોર્ટ ફી તથા વકીલ ફી | | ૧,૦૬,૮૧૪-૦૦ |
| ૫૮,૦૮૨-૮૧ | (૬) તાર-ટપાલ ટેલીફોન | | ૭૩,૩૨૪-૬૫ |
| ૧,૩૧,૧૬૫-૦૦ | (૭) ઓડીટ ફી | | ૧,૩૬,૭૫૦-૦૦ |
| ૪,૫૧,૯૯૧-૦૦ | (૮) મિલ્કતોની મરામત તથા ઘસારો | | ૬,૧૧,૧૦૭-૬૮ |
| ૨,૪૬,૩૫૯-૦૦ | (૯) સ્ટેશનરી, છપામણી, જાહેરાત વિ. | | ૧,૨૧,૮૫૯-૦૦ |
| ——— | (૧૦) બીન બેન્કીંગ માલ-મિલ્કતના વેચાણથી થયેલ નુકશાન | | ૩,૪૭૦-૦૦ |
| ૧,૯૭,૨૫૫-૦૦ | (૧૧) પરચુરણ ખર્ચ | | ૧,૮૭,૦૮૮-૫૨ |
| ૪૯,૫૬૨-૧૧ | (૧૨) કલીયરીંગ ચાર્જીસ | | ૩૫,૮૧૪-૫૦ |
| ૨૮,૦૪૬-૦૦ | (૧૩) મુસાફરી ખર્ચ | | ૧૨,૬૦૫-૦૦ |
| ૧૮,૧૮૦-૦૦ | (૧૪) લવાજમ | | ૫૦,૦૦૦-૦૦ |
| ૬,૩૬,૨૪૦-૦૦ | (૧૫) ગ્રેજ્યુઈટી ખર્ચ | | ૪,૬૭,૫૧૧-૦૦ |
| ——— | (૧૬) ઈલેકશન ખર્ચ | | ——— |
| ——— | (૧૭) જીઓઆઈ સીક્યુરીટી પ્રીમીયમ પેઈડ ખર્ચ | | ——— |
| ૬૧,૮૮૯-૭૧ | (૧૮) કેશ-હેન્ડલીંગ અને અન્ય ખર્ચ | | ——— |
| ૧,૦૦૦-૦૦ | (૧૯) પ્રોફેશનલ ટેક્ષ | | ૧,૦૦૦-૦૦ |
| ૨૦,૮૯૯-૦૦ | (૨૦) સર્વિસ ટેક્ષ | | ——— |
| ૬૧૬-૬૧ | (૨૧) સ્વચ્છ ભારત સેસ | | ૨,૦૫૩-૯૯ |
| ——— | (૨૨) કૃષિ કલ્યાણ સેસ | | ૬૪૬-૯૭ |
| ૧૨,૫૫,૦૦૦-૦૦ | (૨૩) ઈન્કમટેક્ષ | | ૨૩,૦૦,૦૦૦-૦૦ |
| | (૨૪) સીક્યુરીટી ગાર્ડ સર્વિસ ચાર્જ | | ૧,૮૫,૦૪૩-૦૦ |
| | (૨૫) આધાર કાર્ડ ઓર્થો મેમ્બર ફી | | ૧,૦૦,૦૦૦-૦૦ |
| | કુલ ખર્ચ | | ૨,૮૨,૯૮,૭૧૬-૮૩ |
| | ગ્રોસ નફો - જોગવાઇ પહેલા | ૫૬,૬૬,૯૫૧-૦૦ | |
| | બાદ જોગવાઇઓ | | |
| | (૨૬) ડૂબત ફંડ U/S 36(I) (VII) | ૬,૭૫,૦૦૦-૦૦ | |
| | મહોત્સવ ફંડ | ૨૦,૦૦,૦૦૦-૦૦ | ૨૬,૭૫,૦૦૦-૦૦ |
| ૨૮,૦૫,૫૫૧-૦૦ | (૨૭) ચોખ્ખો નફો સરવૈયામાં લઇ ગયા તે | | ૨૯,૯૧,૯૫૧-૦૦ |
| ૨,૯૫,૮૦,૦૧૯-૯૬ | કુલ...... | | ૩,૩૯,૬૫,૬૬૭-૮૩ |

શ્રી ખુશમનભાઈ શાંતીલાલ પટેલ
: ચેરમેન :

શ્રી નીતીનભાઈ રૂઘનાથજી બ્રહ્મભટ્ટ
: વાઈસ ચેરમેન :

શ્રી અનિલભાઈ નવિનચંદ્રભાઈ શાહ
: મેનેજીંગ ડીરેક્ટર :

શ્રી મહેશભાઈ જયંતીલાલ દાળીયા
: જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર :

શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ
: મેનેજર :

શ્રી ભરત એન. રાવલ
: એકાઉન્ટન્ટ :

: ઓડિટર :
દિનેશભાઇ પી. રામાણી
Charted Accountants
પેનલ નં. ૭૯૫
મે. નં. ૦૪૦૪૮૧
સુરત

### વ્યવસ્થાપક - કમીટી સભ્યો

શ્રી નવીનચંદ્ર ગફુરભાઈ પટેલ
શ્રી શશીકાંતભાઈ શાંતિલાલ પટેલ
શ્રી કંચનલાલ ગફુરભાઈ રાણા
શ્રી હરીશભાઈ રતીલાલ પટેલ
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ કાપડીઆ
શ્રી ગીરધરલાલ વેલસીભાઈ બેલાણી
શ્રી દિનેશચંદ્ર કાંતિલાલ પટેલ
શ્રી પ્રિતીનભાઈ ચંપકલાલ સુતરીયા
શ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર
શ્રીમતી સોનલબેન કલ્પેશભાઈ ચોકસી
શ્રીમતી મીનાક્ષીબેન હિરાલાલ પટેલ
શ્રી પ્રકાશભાઈ એમ. શાહ (પ્રોફે. ડિરેક્ટર)

# સહકારી બેંક લી., ખંભાત.

## રોજ પુરા થતા વર્ષનું નફા - નુકશાન ખાતું

| તા. ૩૧-૦૩-૨૦૧૭ રૂા. પૈ. | આવક | તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂા. પૈ. |
|---|---|---|
| ૨,૮૧,૨૨,૨૭૩-૨૧ | (૧) વ્યાજ અને વળતર | ૩,૧૬,૦૭,૦૪૮-૮૦ |
| ૪૫,૩૨૬-૦૮ | (૨) વટાવ, દલાલી એક્ષચેન્જ | ૧૬,૦૧૯-૨૮ |
| -------- | (૩) સહાય તથા દાન | -------- |
| -------- | (૪) બીન બેંકીંગ મિલ્કતના વેચાણનો નફો | -------- |
| ૭૬,૨૨૨-૯૧ | (૫) પરચુરણ આવક | ૧,૦૩,૯૦૪-૫૨ |
| ૧,૪૩૪-૦૦ | (૬) શેર ટ્રાન્સફર ફી | ૧,૮૩૬-૬૪ |
| ૨,૨૦૨-૦૦ | (૭) ઈનવેસ્ટમેન્ટ પર ડીવીડન્ડ | ૨,૨૦૨-૦૦ |
| ૧૨,૭૮,૬૫૩-૭૬ | (૮) લોકર્સ ભાડાની આવક | ૧૨,૫૧,૩૬૧-૬૦ |
| ૧૬૪-૦૦ | (૯) પ્રધાનમંત્રી ઈન્સ્યુ. સ્કીમ કમિશન | ૧૪૪-૫૪ |
| ૫૩,૭૪૪-૦૦ | (૧૦) ચેકબુક અને અન્ય ચાર્જીસ | ૮૧,૦૪૦-૪૫ |
| -------- | (૧૧) નફો અને ખોટ - જીઓઆઇ સીક્યોરીટી | ૮,૦૩,૦૦૦-૦૦ |
| -------- | (૧૨) ઇન્કમટેક્ષ રીફન્ડ | ૯૨,૪૪૩-૦૦ |
| -------- | (૧૩) P2F ક્લીરીંગ હાઉસ ભાડુ | ૬,૬૬૭-૦૦ |
| ૨,૯૫,૮૦,૦૧૯-૯૬ | કુલ..... | ૩,૩૯,૬૫,૬૬૭-૮૩ |

## એનેક્ષર : ઈ

## ઓડીટર નો અહેવાલ-૨૦૧૭-૧૮

ધી ખંભાત નાગરીક સહકારી બેંક લી.
પ્રતિ,
તમામ સભાસદશ્રી,

આપની બેંકના હિસાબી વર્ષ ૨૦૧૭-૧૮ ના સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે અમારી નિમણુંક મહેરબાન રજીસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના હુકમ ક્રમાંક : અષણ / ૨૪૬૦ / જ-૪ / ૩૩૯ / ૨૦૧૮ તા. ૧૯-૦૬-૨૦૧૮થી કરવામાં આવેલ હતી. અમોએ અમારી ઓડીટ કામગીરી બેંક દ્વારા વખતો વખત પુરી પાડવામાં આવેલ માહીતીના આધારે પૂર્ણ કરેલ છે. આ સંસ્થાનું પાકું સરવૈયું, નફા-નુકશાન પત્રક, તથા હિસાબી દફતરની ચકાસણી કરી, હિસાબ તપાસણી ભાગ-૧, ૨ તેમજ તેને સંલગ્ન સામાન્ય શેરા ભાગ-૧ અને ૨ ને આધીન નીચે મુજબ અહેવાલ રજુ કરીએ છીએ.

આ નાણાંકીય પત્રકોની જવાબદારી બેંકના સંચાલકોની છે, અમારી જવાબદારી અમોએ કરેલ અન્વેષણની કામગીરીને આધારીત નાણાંકીય પત્રકો પર અભિપ્રાય આપવાની છે. અમોએ કામગીરી ભારતવર્ષના પ્રવર્તમાન અન્વેષણના સામાન્ય ધોરણોને ધ્યાનમાં રાખીને કરેલ છે. આ ધોરણોની જરૂરીયાત પ્રમાણે અમારે અન્વેષણનું આયોજન અને કાર્ય એ રીતે કરવાનું રહે છે કે, જેથી નાણાંકીય પત્રકો કોઈપણ જાતની અગત્યની ગેરરજુઆતોથી મુક્ત છે કે કેમ તે અંગેની જરૂરી ખાત્રી અમોને મળી શકે. અન્વેષણની કામગીરીમાં હિસાબોના જરૂરી પુરાવાની આંશિક તપાસણી અને નાણાંકીય પત્રકોમાં દર્શાવવાની જરૂરી વિગતોના અભ્યાસનો સમાવેશ આવી જાય છે. અન્વેષણની કામગીરીમાં ઉપયોગમાં લેવાયેલા નાણાં સિધ્ધાંતો આ સાથે સામેલ કરેલ હિસાબી નિતીઓ અને સંચાલકો દ્વારા કરવામાં આવેલ અગત્યનાં અંદાજોની ચકાસણી કરવામાં આવે છે. આ ઉપરાંત નાણાંકીય પત્રકોની યોગ્ય રજુઆતની આકારણી અન્વેષણમાં આવરી લેવાયેલ છે. અમે માનીએ છીએ કે, અમારા અન્વેષણની કામગીરી અમોને અભિપ્રાય આપવા માટે યોગ્ય ટેકો આપે છે.

૧) બેંકના વ્યવસ્થાપક સમિતી દ્વારા બેંકનો વહીવટ સહકારી કાયદા-કાનુનની જોગવાઈઓ અને પેટા નિયમને આધીન રહીને ચલાવવામાં આવે છે. છતાં જુઓ સામાન્ય શેરો ભાગ-૨ મુદ્દા નં-૧ અને ૨.
૨) બેંકની વ્યવસ્થાપક સમિતિ દ્વારા આર.બી.આઈ. ના વખતો વખતના સરક્યુલર્સ / ઠરાવો અને માર્ગદર્શક સુચનાઓ વિગેરેનું પાલન કરવામાં આવે છે. છતાં જુઓ સામાન્ય શેરો ભાગ-૨ મુદ્દા નં. ૧
૩) બેંકમાં હિસાબી દફતર વાર્ષિક હિસાબો-હિસાબી પદ્ધતિ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની સુચના-સહકારી કાયદાની જોગવાઈઓના સંદર્ભે નિભાવવામાં આવેલ છે.
૪) બેંકનું સરવૈયું બેંકની આર્થિક પરિસ્થિતિનું વાસ્તવિક ચિત્ર દર્શાવે છે. તા. ૩૧-૩-૧૮ના રોજના સરવૈયામાં દર્શાવેલ મુડી-દેવા અને મિલકત-લેણાંની પરિસ્થિતિ વાસ્તવિક અને ખરી છે. તેમજ તા. ૩૧-૩-૧૮ના રોજ પુરા થતા વર્ષના નફા-નુકશાન ખાતામાં દર્શાવેલ નફો ચાલુ સાલનો સાચો તથા વ્યાજબી છે. છતાં જુઓ સામાન્ય શેરો ભાગ-૨ મુદ્દા નં.૧
૫) બેંક દ્વારા એસ.એલ.આર. અને સી.આર.આર. ના ધોરણ જળવાયેલ છે.
૬) બેંક દ્વારા આર.બી.આઈ.ની એન.પી.એ. અંગેની ગાઈડ લાઈન્સ મુજબ મિલ્કતોનું વર્ગીકરણ કરવામાં આવેલ છે. અને તે અંગે પર્યાપ્ત જોગવાઈ કરવામાં આવેલ છે.
૭) બેંકના વ્યવસ્થાપક મંડળના સભ્યોને અને તેમના કુટુંબીજનોને વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન એફ.ડી.ઓ.ડી.સિવાય કોઈ ધિરાણ કરવામાં આવેલ નથી, જે અંગેનું પ્રમાણપત્ર બેન્કે અમોને આપેલ છે.
૮) બેંકના હોદ્દેદારો કે ડિરેક્ટર્સશ્રી દ્વારા સહકારી કાયદા-કાનુન કે પેટા નિયમોની જોગવાઈ મુજબ ગેરલાયકાત વ્હોરેલ નથી, જે અંગેનું પ્રમાણપત્ર બેન્કે અમોને આપેલ છે.
૯) બેંકના કાર્યવાહકો દ્વારા ચાલુ સાલે "વન-ટાઈમ સેટલમેન્ટ યોજના" અન્વયે કોઈ કિસ્સા આવરી લેવાયેલ નથી કે "ડીપોઝીટ સેટ ઓફ યોજના" કિસ્સા બનેલા નથી.
૧૦) હિસાબી વર્ષ દરમ્યાન લેણાં માંડવાળ કરવાના કિસ્સામાં આર.બી.આઈ. તથા સહકાર ખાતા ધ્વારા ઈશ્યું કરેલ સુચનાઓનું પાલન કરવામાં આવેલ છે.
૧૧) કોર્ટ રાહે સમાધાન, માંડવાળ કિસ્સાઓ બનેલ નથી.
૧૨) બેંન્કની કોઈ શાખા નથી.

દિનેશભાઇ પ્રેમજીભાઇ રામાણી
સી.એ / દિનેશભાઇ પ્રેમજીભાઇ રામાણી
પેનલ નંબરઃ ૭૯૫
મેમ્બરશીપ નંબર : ૦૪૦૪૮૧

સ્થળ : ખંભાત
તારીખ : ૧૩-૦૭-૨૦૧૮

# The Khambhat Nagarik Sahakari Bank Ltd.,

**Opp : Vadapole, Khambhat**

Mandatory Disclosures in terms of circular No. RBI/2013-14/531

UBD CO BPD (PCB) Cir. No. 52/12-05-001/2013-14 March 25, 2014

## NOTES ON ACCOUNTS AND DISCLOSURE OF INFORMATION

**1. Capital to Risk Weight Asset Ratio. (CRAR)**

| As on Dt. 31-03-2017 | As on Dt. 31-03-2018 |
|---|---|
| 74.87% | 65.04% |

**2. Investments (SLR and HTM Category)**

(Rs. in Lakh)

| Sr. No. | Security | Face Value | Book Value | Market Value as on 31-03-18 |
|---|---|---|---|---|
| 1 | Central Govt. | 185-00 | 184-53 | 191-35 |
| 2 | State Govt. | 2306-30 | 2321-91 | 2316-79 |
| 3 | FDR with other banks | 400-00 | 400-00 | 400-00 |
| **Total** | | **2891-30** | **2906-44** | **2908-14** |

**Non- SLR Investments**

(Rs in Lakh)

| Sr. No. | Issuer | Amount | Amount Extent of 'below investment grade security | Extent of 'unrated Securities | Extent of 'unlisted Securities |
|---|---|---|---|---|---|
| 1 | PSU Bonds | 0.00 | Nil | Nil | Nil |
| 2 | FIs | - | Nil | Nil | Nil |
| 3 | Public Sector Banks Bond | 0.00 | Nil | Nil | Nil |
| 4 | Mutual Funds | 0.00 | Nil | Nil | Nil |
| 5 | Other & Share with Co. Op. Bank | 0.17 | Nil | 0.17 | Nil |
| 6 | Provision Held towards Depreciation | 0.00 | Nil | 0.00 | Nil |

**** Non-performing Non SLR Investment : NIL**

**3. Advances against real estate, construction business and housing : NIL**

**4. Advances against shares & debentures : NIL**

**5 Advances to directors, their relatives, companies / firms in which they are Interested : YES**

**a) Fund - based. Againts FDR OD Rs. 1,29,484/-**

b) Non-fund bases (Guarantees, L/C, etc.) NIL __________

**6 Cost of Deposits : Average cost of deposists 4.37 %**

7 **NPAs :**

a) **Gross NPA** **Rs. 25.05 Lakh**

b) **Net NPA** **Rs. 0.00 Lakh**

8 **Movement of NPA**

| Sr. No. | Particulars | Amounts (Rs. in Lac) | | Change in | |
|---|---|---|---|---|---|
| | | 31-3-17 | 31-3-18 | Amount | Percentage |
| 1 | Gross NPA | 29.33 (5.68%) | 25.05 (4.54%) | -4.28 | -14.59% |
| 2 | Net NPA | -158.81 "0"% | -171.64 "0"% | +12.83 | +8.07% |
| 3 | Provision Held | 188.14 | 196.69 | +8.55 | +4.54% |

9 **Profitability :**

a) Interest income as percentage of working funds - 7.37%

b) Non-interest income as a percentage of working funds - 0.55%

c) Operating profit as a percentage of working funds - 1.23%

d) Return on Assets - 0.69%

e) Business (Deposits + Advances) per employee - Rs. 229.98 Lakh

f) Profit per employee - Rs. 2.14 Lakh

10 **Provisions made towards NPAs, depreciation in investments, Standard Assets**

| Sr. No. | Particulars Provision Held | Amounts (Rs. in Lakh) | |
|---|---|---|---|
| | | 31-3-17 | 31-3-18 |
| 1 | Towards NPAs | 185.04 | 193.59 |
| 2 | Towards depreciation on investments | 27.83 | 27.83 |
| 3 | Towards standard assets | 3.00 | 3.00 |

11 **Payments of DICGC Insurance Premium :** **Rs. 3.36 Lakh for the year 2017-18**

12 **Penalty imposed by RBI :** **Rs. NIL**

13 **Details of Restructured Account** **Rs. NIL**

14 **Fixed Assets :- Valuation / Revaluation** **NIL**

15 **Bad and Doubtful debit written off from BDDR and OIR : NIL**

16 **DEAF A/c amount transfer to DEAF during year 2017-18**

**Nos. of Accounts** **239** **Rs. 3.46 Lakh**

17 **The bank has taken group gratuity insurance with the Life Insurance Corporation of India for payment of retirement gratuity under the Group Gratuity Scheme.**

**The annual contributions to Gratuity is paid on yearly LIC premium basis**

**Place : Surat**

**Date : 13-7-2018**

**For, Dinesh Ramani**

**CA Dineshbhai Premjibhai Ramani**

**M.NO : 040481**

**PANEL : 795**

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.

## -: ધિરાણ પરના વ્યાજદર :-

| | | |
|---|---|---|
| (૧) | ધંધાકીય લોન : C.C, H.P. ML | |
| | રૂા. ૧ થી રૂા. ૭,૦૦,૦૦૦/- સુધી | ૧૩% |
| | રૂા. ૭,૦૦,૦૦૧ થી અને વધુ (મોર્ગેજ સહિત) | ૧૧% |
| | મોર્ટગેજલોન ધંધાકીય હેતુ | ૧૧% |
| (૨) | વ્હીકલ લોન | |
| | કાર લોન | ૮.૫૦%*થી ૧૦.૨૫%* |
| | રૂા. ૧ થી રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી (કાર લોન સિવાય) | ૧૨% |
| | રૂા. ૧,૦૦,૦૦૧ થી રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી ॥ | ૧૦.૨૫% |
| | રૂા. ૫,૦૦,૦૦૧ થી અને વધુ ॥ | ૯.૭૫% |
| (૩) | ગોલ્ડ લોન | ૧૦.૫૦% |
| (૪) | NSC/KVP સામે લોન | ૧૦.૫૦% |
| (૫) | સભાસદ લોન | ૧૩% |

## અગત્યની સૂચના

- બેંકના તમામ ખાતેદારો તથા સભાસદોને વિનંતી કરવામાં આવે છે કે બેંક સાથેના પત્ર વ્યવહાર આપને સમયસર મળે તે માટે હાલનું પૂરેપૂરું સરનામું બેંકમાં નોંધાવવા વ્યવસ્થા કરશો અને સરનામામાં જ્યારે ફેરફાર થાય ત્યારે ત્વરિત બેંકમાં જાણ કરવા વિનંતી છે.
- સને ૨૦૧૪-૧૫ ના વર્ષના ડિવિડન્ડની રકમ જે સભાસદ ન લઈ ગયા હોય તેઓએ તા. ૩૦-૦૯-૨૦૧૮ સુધીમાં બેંકમાં આવી લઈ જવા. ત્યારબાદ સદરહુ રકમ રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે.
- બેંકના કામકાજ અંગે તથા સરવૈયા અને નફા-નુકસાનના હિસાબો અંગે વધુ માહિતી જોઈતી હોય અગર પૂછપરછ કરવી હોય તો સાધારણ સભાની તારીખના સાત દિવસ અગાઉ બેંકમાં મેનેજરશ્રીને બેંકના કામકાજના સમય દરમ્યાન લેખિત આપી જવા વિનંતી છે.
- સામાન્ય સભામાં હાજર રહેવા તથા ચૂંટણી સમયે મતદાન કરવા માટે બેંક તરફથી ઈશ્યુ કરેલ ફોટાવાળું 'સભાસદ ઓળખપત્ર' સાથે લઈ આવવું ફરજિયાત છે. જે સભાસદના ઓળખપત્ર ખોવાઈ ગયેલ હોય તેઓએ બેંકના કામકાજના સમયમાં રૂબરૂ આવી ફોર્મ સાથે ૨ ફોટા, KYC વગેરે આપી તેની જરૂરી ફી ભરીને ડુપ્લીકેટ ઓળખપત્ર કઢાવી લેવા વિનંતી છે.

## સભાસદોના હિતમાં ખુબજ જરૂરી

- બેંકમાંથી કરજે નાણાં લેનાર તમામ સભાસદોને તેમની સગવડ ખાતર જે તેમણે લીધેલા કરજની પાકતી મુદતની ખબર આપવામાં આવે છે પરંતુ કોઈપણ કારણસર આવી ખબર કરજદારને મળી શકી ન હોય તો તે માટે બેંક બિલકુલ જવાબદાર નથી. જેની કરજદારે નોંધ લેવી જરૂરી છે.
- આથી જામીન થતાં દરેક સભાસદે ખાસ સમજવું જરૂરી છે કે જામીન સ્વેચ્છાએ જુદી જુદી તેમજ સંયુક્ત રીતે કરજ તથા તેના વ્યાજના અને તે અંગે થતા તમામ ખર્ચની વખતસર વસૂલાત બેંકને આપવા જવાબદાર છે એટલે કે જામીન કરજની કુલ રકમ માટે જવાબદાર છે નહીં કે ફાળે પડતી હિસ્સા મુજબની રકમ માટે.
- લોન લીધેલ હોય તથા જામીન થયેલ સભ્યો પોતાના તેમજ જે સભ્યના જામીન હોય તેમના લોન હપ્તા નિયમીત ભરપાઇ કરી / કરાવી પોતાની તથા જામીનની શાખ જાળવી રાખવી.
- સભાસદોએ બાકીના ડિવિડન્ડ તુરત લઈ જવા.

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી.

## જનસેવાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત રૂપે બેંકે ફંડોમાંથી ચાલુ વર્ષે કરેલ સહાયની યાદી

| અ.નં. | સંસ્થાનું નામ / વિગત | રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ધી કેમ્બે મેડીકલ રીલીફ સોસાયટી સંચાલિત ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી. – મફત નેત્ર ઓપરેશન વિભાગ માટે | ૫,૦૦૧-૦૦ |
| ૨ | લાયન્સ કલબ (સોસાયટી) બેંક કિલનીક માટે | ૩,૦૦૧-૦૦ |
| ૩ | ખંભાત પાંજરાપોળ | ૫,૦૦૧-૦૦ |
| ૪ | અન્નપૂર્ણા ટ્રસ્ટ - ખંભાત | ૨,૦૦૧-૦૦ |
| ૫ | શ્રીમતી બી.સી.જે. ખંભાત ભગીની સમાજ - ખંભાત | ૨,૦૦૧-૦૦ |
| ૬ | શ્રી ખંભાત બાળકેળવણી ટ્રસ્ટ | ૩,૦૦૧-૦૦ |
| ૭ | શ્રી જબરેશ્વર હરિકૃષ્ણ મહારાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી જબરેશ્વર હરિકૃષ્ણ મહારાજ આઈ હોસ્પિટલ | ૫,૦૦૧-૦૦ |
| | કુલ રૂા. | ૨૫,૦૦૭-૦૦ |

**ગુજરી ગયેલ સભાસદોના વારસદારોને આર્થિક સહાયરૂપે રૂા. ૩,૨૧,૦૦૦/- ચૂકવેલ છે.**

**બેંકની લેવડ-દેવડના કામકાજનો સમય (જાહેર રજા સિવાય)**

૧.સોમવારથી શનીવાર સવારના ૧૦-૦૦ કલાક થી બપોરના ૧-૦૦ કલાક સુધી બપોરના ૨-૦૦ થી સાંજના ૪-૦૦ કલાક સુધી

## સેઈફ ડિપોઝીટ લોકર્સ કામકાજનો સમય (જાહેર રજા સિવાય)

૧. સોમવારથી શુનીવાર : સવારના ૧૦-૦૦ થી બપોરના ૧-૦૦ કલાક સુધી બપોરના ૨-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધી

**લોકર્સધારકોને સૂચના :–** બેંકના સર્વે લોકર્સ - ધારકોને જણાવવાનું કે RBI ની સૂચના મુજબ જે લોકર્સ ધારકોની લોકરની ચાવી ઉપર એમ્બોર્સીંગ કરાવવાનું બાકી હોય તેમજ KYC આપવાના બાકી હોય તેવા ગ્રાહકોએ તાત્કાલિક બેંકમાં આવી પૂર્તતા કરી લેવી.

**ધિરાણ સુવિધા :–** બેંકના સભાસદોને ગૃહ વપરાશી સાધનો, મશીનરી, વાહન વિગેરે ખરીદવા તેમજ રાષ્ટ્રીય બચતપત્રો (એન.એસ.સી., કે.વી.પી.) તથા સોનાના દાગીના પર ત્વરિત લોન આપવામાં આવે છે. કારલોન ફક્ત ૮.૫૦% વાર્ષિક દરે શરતોને આધીન.

**વિશિષ્ટ સેવા :–** ધી ખંભાત જનરલ હોસ્પિટલમાં "ધી ખંભાત નાગરિક સહકારી બેંક લિ., મફત નેત્ર ઓપરેશન વિભાગ" માં આંખના કોઈપણ પ્રકારના દર્દની સારવાર મેળવવા હોસ્પિટલના જનરલ વોર્ડમાં દાખલ થાય તેવા દર્દીઓને ઓપરેશન સારવાર સહિત તમામ દવાઓ મફત આપવામાં આવે છે જેનો જરૂરિયાતવાળાઓએ લાભ લેવા વિનંતી. જે સભાસદોએ આપણી બેંકમાં બચત ખાતુ ખોલાવેલ નથી તેમણે બચત ખાતુ સત્વરે ખોલાવી તેમનો ખાતા નં. બેંકના શેર વિભાગમાં નોંધ કરાવવી જેથી ડિવીડન્ડ ખાતામાં જમા થશે.

**ખાતેદારોને ખાસ સૂચના :–** રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના આદેશ મુજબ બેંકના સૌ ખાતેદારો, સભાસદો અને લોકર્સ ધારકોએ KYC (આપના ગ્રાહકોને ઓળખો) નોર્મ્સનું પાલન કરવું ફરજિયાત હોઈ KYC ને લગતા જરૂરી પુરાવા / દસ્તાવેજો ત્વરિત રજૂ કરવા જેથી સ્થગિત થયેલ ખાતા ફરી ચાલુ કરી શકાય. RBI ની સૂચના મુજબ ૧૦ વર્ષ કે તેથી વધારે સમયથી જે ખાતાઓમાં લેવડ-દેવડ થયેલ નથી તેવા ખાતાઓ DEAF-2014 સ્કીમ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં ટ્રાન્સફર કરવામાં આવે છે જેથી દરેક ખાતામાં સમયસર લેવડ-દેવડ ચાલુ રાખવી.

**POS મશીન :–** ભારત સરકારના ડીજીટલ ઇન્ડિયા મિશન હેઠળ રોકડ વ્યવહારો ને બદલે ડિજીટલ વ્યવહારોને વેગ આપવા બેંકે પોતાના ખાતેદાર વેપારીમિત્રોને Point of Sale મશીન મળી રહે તેવી વ્યવસ્થા કરેલ છે.

- રીઝર્વ બેકની સુચના મુજબ

● બેકમાં ખાતેદારો તથા થાપણદારોએ પોતાના પાનકાર્ડ. આધારકાર્ડની કોપીઓ જમા કરાવી જવા તેમજ ખાતામાં લેવડ-દેવડ ચાલુ રાખવી નહીતર ખાતા ઈન-ઓપરેટ થઇ જશે.

● બેંકમાં બાંધી મુદત થાપણ પર વાર્ષિક રૂા.૧૦,૦૦૦/- તથા સીનીયર સીટીઝન થાપણદારો પર વાર્ષિક રૂા. ૫૦,૦૦૦/- કે તેથી વધારે વ્યાજની રકમ પર TDS લાગુ પડે છે.

● ખાતેદારોએ વિમા પોલીસી, મ્યુચ્યુઅલ ફંડ, કંપનીના ડિવીડન્ડ સરકારી સબસીડી વિગેરે તેમજ બહારગામથી પોતાના ખાતામાં રકમ જમા કરાવવા માટે બેંકનો પંદર આંકડાનો ખાતા નંબર તેમજ IFSC CODE GSCBOUKNSBL આપવો જરૂરી છે.

# ધી ખંભાત નાગરિક સહકારી બેંક લી., ખંભાત

## ● સુડતાલીસમી વાર્ષિક સાધારણ સભાની નોટીસ ●

૪૭

THE KHAMBHAT NAGARIK SAHAKARI BANK LTD. KHAMBHAT

૪૭

## ★ નોટીસ ★

આથી બેંકના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે, સુડતાલીસમી વાર્ષિક સાધારણ સભા **તા.૦૨-૦૯-૨૦૧૮ ને રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે "રાવ સાંસ્કૃતિક હોલ", ચકડોળ ગ્રાઉન્ડ સામે, મેતપુર રોડ,** ખંભાતમાં નીચે જણાવેલ કામકાજ માટે રાખવામાં આવી છે તો સમયસર હાજરી આપવા વિનંતી છે.

- તા. ૦૩-૦૯-૨૦૧૭ ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વાંચનમાં લઈ બહાલી આપવા.
- વ્યવસ્થાપક-મંડળે મંજૂર કરેલ તા.૩૧-૦૩-૨૦૧૮ સુધીના કામકાજનો અહેવાલ, સરવૈયુ તથા નફા-તોટાનો હિસાબ મંજૂર કરવા.
- બેંકના સ્ટેચ્યુટરી ઓડીટરશ્રી દિનેશભાઇ પી. રામાણી - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, મેમ્બર નં. ૦૪૦૪૮૧, પેનલ નં.૭૯૫ સુરત તરફથી આવેલ ઓડીટ રીપોર્ટ વાંચી યોગ્ય કરવા.
- આવતા વર્ષના બેંકના હિસાબો તપાસવા ઓડીટર્સની નીમણૂંક કરી તેમનું મહેનતાણું નક્કી કરવા.
- એનપીએ થયેલ ખાતાઓ અંતર્ગત થયેલ કામગીરી મંજૂર રાખવા બાબત.
- પેટા-નિયમ-૬ પ્રમાણે આવતા વર્ષમાં વધારેમાં વધારે જે હદ સુધી સંચાલક મંડળ ભંડોળ એકઠું કરી શકે તે હદ મંજૂર કરવા.
- પરિશિષ્ટ 'અ' મુજબ ગત વર્ષ પેટા નિયમમાં કરેલ સુધારા-વધારા મે. જીલ્લા રજીસ્ટ્રારશ્રી આણંદ તરફથી મંજૂર થઈ આવેલ છે જેની નોંધ લેવા
- ચેરમેનશ્રીની પરવાનગીથી જે કાંઈ કામ રજૂ થાય તે પર વિચારણા કરવા.

"સ્તંભતીર્થ" વાડાપોળ,<br>
ખંભાત.<br>
તા. ૩૦-૦૭-૨૦૧૮

સંચાલક મંડળના આદેશથી,<br>
**શ્રી હિતેન્દ્ર એ. ભટ્ટ**<br>
મેનેજર

નોંધ : (૧) સભામાં રીપોર્ટની નકલ સાથે લાવવા વિનંતી છે.<br>
(૨) સભામાં હાજર રહેવા બેંક તરફથી ઈસ્યુ કરવામાં આવેલ "ફોટાવાળું સભાસદ ઓળખકાર્ડ" સાથે લઈને આવવા વિનંતી છે.<br>
(૩) સભામાં બિન-સભાસદ વ્યક્તિઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.


## સભાસદોને ત્વરિત લોન / ધિરાણ સુવિધા

**કાર લોન વાર્ષિક ૮.૫૦% ના દરે** (શરતો લાગુ)

વાર્ષિક ૧૦.૫૦% ના વ્યાજદરે રાષ્ટ્રીય બચતપત્રો [N.S.C., K.V.P.] અને સોનાના દાગીના પર ત્વરિત લોન આપવામાં આવે છે.